અપીલ અરજી નં.૧૫૫/ ૦૮–૦૯ તા.૨–૯–૦૮

અરજદારઃ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૮–૭–૦૮ની અરજીથી ડીમોલીશનની જગ્યામાં મઢીની ખમણીથી અંબામાતાના મંદિર સુધી ગ્રાઉન્ડ પ્લસ ૨ માળના બાંધકામ કરી શકાય? વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૫/૨૦૦૮–૦૯

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૮–૭–૦૮ની અરજીથી ડીમોલીશનની જગ્યામાં મઢીની ખમણીથી અંબામાતાના મંદિર સુધી ગ્રાઉન્ડ પ્લસ ૨ માળના બાંધકામ કરી શકાય? વિગેરે માહિતી આપવા બાબતે કોઈ પ્રતિભાવ મળેલ નહીં હોવાનું જણાવી જવાબ મેળવવો અપેક્ષિત હોવાનું જણાવી, નહીં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૫ તા.૧૨–૯–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૮–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારને સમય અવધિમાં નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે નિયમ અને જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી